ભાદરવા સુદ એકાદશી

“તપ કરી કરીને શરીર સુકવી નાખ્યુ છે પણ જ્યાં સુધી સાચા સદગુરુનો ભેટો નહી થાય ત્યાં સુધી ભગવાનનો ભેટો નહી થાય. સાચા સદગુરુ વગર આ માયાને તરવી મુશ્કેલ છે. આટલું શરીર સુકવી નાખો, ગમે તેવું વ્રત કરશો, ચાંદ્રાયણ કરશો, આ ખુલ્લા પગે યાત્રા કરો છો છતાં ભગવાનને મળવું મુશ્કેલ છે.” નરસિંહ મહેતા ભગવાનને મુમુક્ષુ જાણીને, તપસ્વી જાણીને, તેમને કહી રહ્યા હતા. એ શેના માટે કહેતા હતા..? કારણકે તેમને સાચા સદગુરુ મળ્યા હતા. તે સાચા સદગુરુના કેફથી કહેતા હતા. નરસિંહ મહેતા રામાનંદ સ્વામીના શિષ્ય હતા અને રામાનંદ સ્વામીને સાક્ષાત ભગવાન જાણતા હતા. અને રામાનંદ સ્વામી હતા પણ એવા. એમની સામર્થી કાંઇ ઓછી ન હતી અને એટલે જ તેમને ભગવાને તેમને આ સંપ્રદાયની શરુઆત કરવા માટે મુક્યા હોય ને! એ જેવા તેવા તો ન જ હોય ને! એ સાક્ષાત ઉદ્ધવજી હતા. ભગવાન તો બધું જાણે જ છે, આ તો એમની લીલા છે. ત્યારે ભગવાન એમને પૂછે છે કે તો એવા સાચા સદગુરુ અમને ક્યાં મળે? અમને એમનો ભેટો કરાવો. ત્યારે નરસિંહ મહેતા બોલ્યા કે એ તો રામાનંદ સ્વામી છે, લોજમાં રહે છે પણ અત્યારે ભુજમાં છે. આવી રીતે વન વિચરણ કરતાં કરતાં મહારાજને ત્રણ - ચાર જણાએ કીધુ હતું કે તમે રામાનંદ સ્વામીને ગુરુ કરો, એમનો ભેટો કરો, ત્યારે તમને ઇશ્વરની પ્રાપ્તિ થશે.

આ વાતમાં ભગવાન પોતે સમજાવી રહ્યા છે. ભગવાન દ્વૈત અને અદ્વૈત મતની વાત જે કરી રહ્યા છે એ વિશે એમને કોઇએ પ્રશ્ન નથી પુછ્યો. મહારાજ પોતે જ આ વાત કરી રહ્યા છે કે મુમુક્ષુ હોય તેણે કયા મતને ગ્રહણ કરવો. ભગવાન કહે છે કે બંને માથી કોઇ પણ મતને ગ્રહણ કરશે પણ મુમુક્ષુને માયા તરી શકાશે નહિ. માયા ત્યારે જ તરી શકાશે જ્યારે ભગવાન મળે અથવા ભગવાનને મળેલા કોઇ મુમુક્ષુ મળે, ભક્ત મળે કે સંત મળે. એવા કોઇનો ભેટો થશે ત્યારે માયા તરી શકાશે. કારણકે સુષુપ્તિમાં પણ માયા જીવને શાંતિ લેવા દે તેવી નથી. ઊંઘમાં પણ વિઘ્ન કરે એવી છે કારણકે આ માયા તો ભગવાનની શક્તિ છે. માટે જેમ હીરે કરીને હીરો વિંધાય તેમ ભગવાન વતે જ માયા તરી શકાય છે. માટે મુમુક્ષુઓએ ભગવાનનો નિશ્ચય કરવો કાં ભગવાનના મોટા ભક્તોનો સમાગમ કરવો જેણે કરીને આપણામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ કે માયા તરી શકાય.

ભગવાને માયાનું રૂપ શું કિધુ..? ભગવાનની મુર્તિનુ ધ્યાન કરતા જે પદાર્થ આડુ આવીને આવરણ કરે એ જ માયા કહેવાય. એટલે માયાનું એક જ રૂપ નથી કે આ માયા. માયાનું કોઇ એક જ રૂપ નથી. એટલે માયાને તરવા માટે ભગવાને પાંચમા વચનામૃતમાં કીધું કે કાં તમે નીચામાં નીચી સેવા કરો કાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરો. એનાથી આપણા કારણ શરીરની ઇચ્છા છે કે વાસના છે એ ત્યારે ટળે છે. એ પણ ટહેલ ચાકરી કેવી કે નીચામાં નીચી સેવા

કરતો રહે, અને બધાના ગમતામાં રહેતો રહે, દીનઆધીન થતો રહે તો એને બધાનો રાજીપો પ્રાપ્ત થાય છે જેને કરીને કારણ શરીરની વાસના બળી જાય છે. અને કાં ભગવાનની મૂર્તિનું ધ્યાન. તો ધ્યાન કેવી રીતે કરવુ..? એક બહુ સરસ દ્રષ્ટાંત છે.. કે પતંગિયા હોયને એને દિવાનું અજવાળું બહુ ગમે. પ્રકાશ બહુ ગમે. એ પ્રકાશ જોવે ને એટલે એને છોડી નથી શકતો. એ એમાં એના પ્રાણ ત્યાગી દે છે પણ પ્રકાશ જોઇને ક્યારેય પણ પતંગિયું પાછુ નથી હટતું. એટલે ભગવાને કીધું કે પતાંગિયાને જેવો પ્રકાશને વિષે છે તે સરખો ભગવાનને વિષે પ્રેમ કરવો. જે સમયે આવી લાઇટો નહોતી તે સમયની વાત છે. બધા પતંગિયા ભેગા થયેલા હતા ત્યારે વૃદ્ધ પતંગિયાઓએ બે પતંગિયાઓને કીધું કે તમે ગામમાં જઇને જોતા આવો કે દીવા થઇ ગયા છે કે નહિ.. તો એ બે પતંગિયા જોવા માટે ગામમાં ગયા.. ત્યારે બધાના ઘરે દીવા થઇ ગયેલા હતા. તો એ બે પતંગિયાઓ પાછા આવીને બધાને કહે છે કે બધાના ઘરે દીવા થઇ ગયા છે. તો બધા ભેગા થયેલા પતંગિયાઓએ કીધું કે ના, તમારી વાત ખોટી છે ને તમે જુઠ્ઠું બોલો છો.. તો પેલા બે પતંગિયા કહે કે ના, અમે સાચું કહીએ છીએ કે બધાના ઘરે દીવા થઇ ગયા છે.. તો પણ ભેગા થયેલા પતંગિયા કહે છે કે ના તમારી વાત ખોટી જ છે.. પણ પેલા બે પતંગિયા કહે છે કે અમે સાચું જ કહીએ છીએ, તમે અમારી વાત ખોટી કેમ કહો છો..? ત્યારે પેલા પતંગિયાઓએ કહ્યું કે અમે તમારી વાત ખોટી માનીએ છીએ કારણકે કાં દીવા પ્રગટ્યા નથી, કાં તમે અમારી નાતના નથી. કારણકે આટલા બધા દીવા જોઇને કોઇ પતંગિયું પાછું આવે જ નહિ. એનાથી રહેવાય જ નહિ. આવી રીતે જેને ભગવાનમાં પ્રેમ છે. આપણે ભગવાનના દર્શન કરી લઇએ છીએ. ભગવાનના શણગારના દર્શન કરી લઇએ છીએ. પણ ભગવાનનું રૂપ એવું છે કે એના થકી શણગાર શોભે છે, વસ્ત્ર સારા લાગે છે. માટે ભગવાનને જોવા કે ભગવાન કેવા છે અને પછી એનું ચિંતન કરવાનું છે. તો આવી રીતે જ્યારે ભગવાનનું ચિંતન થાય ત્યારે માયા ને તરાય અને મુમુક્ષુને મોક્ષની પ્રાપ્તિ થાય એમ ભગવાન કહેવા માંગે છે.